# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદના તત્કાલીન કલેક્ટર ડી. એસ. ગઢવીની કેબિનમાં સ્પાઇ કેમેરા ગોઠવવાના કેસમાં એટીએસે ઉતાવળે કાચુ કાપ્યું ?**

# કલેક્ટરના જાસુસી કેસની ટ્રાયલ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

**કલાસ-1 અધિકારીની** સામે ફરિયાદ કરતા પહેલા ઉચ્ચ કક્ષાએથી લેવાની રહેતી પરવાનગી લેવાઇ જ નથી

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદના તત્કાલિન કલેક્ટર ડી. એસ. ગઢવીની ચેમ્બરમાં સ્પાય કેમેરા ગોઠવી તેમની જાસુસી કરવાના કેસમાં એટીએસે કાચુ કાપ્યું હોવાનું સુપ્રિમ કોર્ટના ધ્યાન પર આવ્યું છે અને આ કેસ ચલાવવા પર સ્ટે આપીને સરકાર તથા એટીએસને નોટીસ પાઠવી 24મી ઓગષ્ટના રોજ હાજર થવા ફરમાન કર્યું છે. આ કેસમાં નિવાસી અધિક કલેક્ટર સામે ગુનો દાખલ કરતા પહેલા રાજ્ય સરકારની કોઇ જ પરવાનગી લેવામાં આવી ન હોવાનો ઘટસ્ફોટ થયો હતો અને સમગ્ર મામલે પોલીસે ઉતાવળે કાચુ કાપ્યાનું ફલિત થયું હતું.

આણંદ કલેક્ટર તરીકે વર્ષ 2023માં ફરજ બજાવતાં ડી.એસ. ગઢવીની કેબિનમાં સ્પાય કેમેરા ગોઠવવામાં આવ્યાં હતાં. આ કેમેરામાં તેમની અશ્લીલ વિડીયો ક્લીપ પણ ઉતારવામાં આવી હતી અને તે વાયરલ થઇ હતી. જેના પગલે ભારે હોબાળો થયો હતો અને સરકારે તાત્કાલિક અસરથી તેની તપાસ એટીએસને સોંપી હતી. આ ઘટનાની તપાસ એટીએસના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રોજીયાએ સંભાળી હતી અને કલેક્ટરની ચેમ્બરમાં કેબિન ગોઠવવા અંગે કર્મચારીઓની પૂછપરછ હાથ ધરી હતી. આ પૂછપરછમાં તત્કાલિન નાયબ



મામલતદાર જે. ડી. પટેલ અને વકિલ હરિશ હરમાન ચાવડાએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. જોકે, તેઓએ તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર કેતકીબહેન વ્યાસના કહેવાથી આ ઘટનાની અંજામ આપ્યો હોવાની કબુલાત આપી હતી. આ કબુલાત આધારે પોલીસ ઈન્સ્પેક્ટર જે. પી. રોજીયાએ આણંદ ટાઉન પોલીસ મથકે કેતકીબહેન વ્યાસ, જયેશ દેસાઇભાઇ પટેલ, હરિશ હરમાન ચાવડા સામે ફરિયાદ આપતા પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ લોકલ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવી હતી.

આ કેસમાં જરૂરી કાર્યવાહી કર્યા બાદ એલસીબીએ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું. જોકે, આ મામલે બચાવ પક્ષ દ્વારા કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી અને નીચેની કોર્ટે બચાવ ગ્રાહ્ય ન રાખતાં મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. આ કેસમાં બચાવ પક્ષના વકિલ ઓમ કોટવાલે સમગ્ર મામલે તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર કેતકીબહેન વ્યાસને ખોટી રીતે સંડોવણી કર્યાની રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં તેઓએ સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે, સમગ્ર કેસમાં કેતકીબહેન વ્યાસની કોઇ જ ભૂમિકા નહોતી. આથી, તેમના કેસને ડિસ્ચાર્જ કરવામાં આવે. આ સાથે તેઓએ દલીલ કરી હતી કે, એટીએસને આ કેસ દાખલ કરવાની સત્તા જ નથી. તેનાથી પણ ગંભીર બાબત એ છે કે, સીઆરપીસી કલમ 197 મુજબ કલાસ-1 અધિકારીની સામે ફરિયાદ કરતા પહેલા ઉચ્ચ કક્ષાએથી લેવાની રહેતી પરવાનગી આ કેસમાં લેવામાં આવી જ નથી.

આ દલીલ સુપ્રિમ કોર્ટે ગ્રાહ્ય રાખી હતી અને પ્રથમ દ્દષ્ટિએ કેસ ચલાવી શકાય નહીં. તેવા તારણથી સ્ટે આપ્યો છે. આમ, કેતકીબહેન વ્યાસ સામે કેસ ચલાવવા પર સ્ટે આપવામાં આવ્યો છે.

### મોટી માછલીને બચાવવા ભોગ લેવાયાની ચર્ચા

આણંદના તત્કાલીન કલેક્ટર ડી. એસ. ગઢવી મહિલા સાથે અશ્લીલ હરકત કરતાં વિડીયોમાં પકડાયાં હતાં. જોકે, વિડીયો વાયરલ થયા બાદ સરકારની છબી પણ ખરડાઇ હતી. આથી, તેમની સામે પગલાં ભરવાના બદલે કેમેરા ફિટ કરી જાસુસી કરવાનો મુદ્દો ઊભો કરી નિવાસી અધિક કલેક્ટર કેતકીબહેન વ્યાસ સામે ગુનો નોંધવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ કેસમાં કલેક્ટરને બચાવવા સમગ્ર કેસ ઊભો કર્યો હોવા અંગેનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

### સરકાર અને એટીએસને નોટિસ પાઠવી

આણંદના તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર કેતીકબહેન વ્યાસ સામેના કેસમાં સુપ્રિમ કોર્ટે સ્ટે આપવા સામે રાજ્ય સરકાર અને એટીએસને નોટિ પણ પાઠવી છે. આ નોટિસના જવાબ સાથે 24મી ઓગષ્ટના રોજ સુપ્રિમ કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું છે.

### જે.ડી. પટેલે પોલીસના દબાણથી નિવેદન આપ્યું ?

આણંદ કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર જે. ડી. પટેલ અને વકિલ હરિશ ચાવડા સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં કલેક્ટરની કેબિનમાં સ્પાય કેમેરા આરએસી કેતકીબહેન વ્યાસના કહેવાથી ગોઠવ્યા હોવાનું પોલીસ સમક્ષ કબુલ્યું હતું. જોકે, ખાતાકીય તપાસ સમિતિ સમક્ષ જે.ડી. પટેલે સ્પષ્ટ જણાવ્યું હતું કે, કાગળમાં નીચે સહી મારી છે. પરંતુ લખાણ કે નિવેદન મારું નથી. આમ, જે.ડી. પટેલે પણ કેતકીબહેન વ્યાસના કહેવાથી કમેરા ફિટ કર્યાની કબુલાત પોલીસ સમક્ષ નિવેદન ન આપ્યું હોવાનું સમિતિ સમક્ષ જણાવ્યું હતું.

### હાઈકોર્ટે પણ કલમ બાબતે ગંભીર નોંધ લીધી હતી

એટીએસ દ્વારા ગુનો દાખલ કરવામાં ઉતાવળે કાચુ કાપ્યું હોવાની ચર્ચા ઉઠી છે. કારણ કે સુપ્રિમ કોર્ટે નોંધ્યુ છે કે, આ કેસ દાખલ કરવામાં નિયમ મુજબ ઉચ્ચ કક્ષાએ કોઇ મંજુરી લેવામાં આવી નથી. આ ઉપરાંત હાઈકોર્ટે પણ જામીન આપતા સમયે આઈપીસી કલમ 354-સી સહિતની કેટલીક કલમ ખોટી લગાડવામાં આવી હોવાની ટકોર કરી હતી.

---

# ઉમરેઠમાં બાઈક થાંભલે ભટકાતા ચાલકનું મોત

**સુરેલી-બેચરી રોડ** પર વળાંકમાં બાઈક સ્લીપ થતા સર્જાયો અકસ્માત

(પ્રતિનિધિ) આણંદ તા.૨

ઉમરેઠ તાલુકાના સુરેલીથી બેચરી ગામ તરફ જવાના માર્ગ પર આવેલા વળાંક પાસે બાઈક સ્લીપ ખાઈને રોડની સાઈડમાં આવેલા થાંભલા સાથે ધડાકાભેર અથડાતા ચાલકનું મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલા તેમના કાકી અને પિતરાઈ બહેનને પણ વધતી-ઓછી ઈજાઓ પહોંચી હતી.

ઠાસરા તાલુકાના જેસાપુરાના રાજેન્દ્રસિંહ હિમંતસિંહ ચાવડા બાઈક પર કાકી શારદાબેન અને પિતરાઈ બહેન જલ્પાબેન સાથે ઉમરેઠની વિશ્વા હોસ્પિટલમાં દાખલ એક સગાની ખબર કાઢવા જઈ રહ્યા હતા. બપોરના આશરે બે વાગ્યાની આસપાસ સુરેલી-બેચરી રોડ પરના વળાંકમાં રાજેન્દ્રસિંહે બાઈક પરથી કાબૂ ગુમાવતા બાઈક સીધું થાંભલા સાથે અથડાયું હતું. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ત્રણેય જણા રોડ પર ફંગોળાયા હતા.

આ ઘટનાને પગલે એકઠા થયેલા રાહદારીઓએ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને ઉમરેઠ અને ત્યારબાદ વધુ સારવાર માટે નડીયાદ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે રાજેન્દ્રસિંહ ચાવડાને મૃત જાહેર કર્યા હતા. હાલમાં ઈજાગ્રસ્ત શારદાબેન અને જલ્પાબેનની સારવાર ચાલી રહી છે. આ ઘટના અંગે ઉમરેઠ પોલીસે મૃતક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

**બચવા માટે બાથરૂમમાં ભરાયેલા દંપતી અને પુત્રીનું ઝેરી ધુમાડાથી ગૂંગળાઈ જવાથી મોત**

# નડિયાદ શહેરના પરિવારના 3 સભ્યે અમેરિકાની આગમાં જીવ ગુમાવ્યો

**નડિયાદના સુથાર** પરિવાર ૨ વર્ષ પહેલા જ અમેરિકા સ્થાયી થયો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

અમેરિકાના વુસ્ટર શહેરમાં આવેલી ઈકોનો લોજમાં અચાનક લાગેલી ભીષણ આગમાં મૂળ નડિયાદના એક જ પરિવારના ત્રણ સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે. છેલ્લા બે વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલો આ પરિવાર આગની જ્વાળાથી બચવા માટે રૂમના બાથરૂમમાં ભરાઈ ગયો હતો, પરંતુ ઝેરી ધુમાડાને કારણે ગૂંગળાઈ જવાથી



ત્રણેયના શ્વાસ રૂંધાયા હતા.

વુસ્ટરની ઈકોનો લોજમાં કોઈ અગમ્ય કારણોસર અચાનક લાગેલી આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ લોજમાં વસવાટ કરતા હિતેશભાઈ સુથાર, તેમના પત્ની હિનાબેન અને ૨૦ વર્ષની દીકરી ઈશાનીને બહાર નીકળવાની તક મળી નહોતી. ચારેય તરફ ધુમાડો ફેલાઈ જતાં બચવા માટે તેઓ બાથરૂમમાં જઈ દરવાજો બંધ કરી દીધો હતો, જે તેમના માટે જીવલેણ સાબિત થયું હતું.

સ્થાનિક ફાયર વિભાગને ઘટનાની જાણ થતા જ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી, પરંતુ આગ વધુ હોવાથી તેના પર કાબૂ મેળવવામાં ઘણો સમય લાગ્યો હતો. બચાવ કામગીરી દરમિયાન જ્યારે ફાયર બ્રિગેડની ટીમ રૂમની અંદર બાથરૂમ સુધી પહોંચી ત્યારે હિતેશભાઈ, હિનાબેન અને ઈશાની મૃત હાલતમાં મળી આવ્યા હતા. લાંબા સમય સુધી ઝેરી ધુમાડામાં ફસાયેલા રહેવાને કારણે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક તારણ છે.આ દુ:ખદ ઘટનાના સમાચાર નડિયાદમાં વસતા તેમના પરિવારજનો અને સ્નેહીજનો સુધી પહોંચતા સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે.

---

# આણંદ વહીવટી તંત્ર દ્વારા આજે રક્તદાન કેમ્પ યોજાશે

**સરદાર પટેલ બેન્કવેટ** હોલ ખાતે સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માનવતાના ઉમદા હેતુસર આગામી ૩જી જુલાઈ, ૨૦૨૬ને શુક્રવારના રોજ વન ડ્રોપ ઓફ હ્યુમેનિટી, ગીવ બ્લડ, સેવ લાઈવ્સ ના સૂત્ર સાથે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દ્વારા રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સમયસર મદદ પૂરી પાડવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

આ રક્તદાન કેમ્પ આણંદના ૮૦ ફૂટ રોડ પર, ડી.ઝેડ. પટેલ હાઈસ્કૂલની સામે આવેલા સરદાર પટેલ બેન્કવેટ હોલ ખાતે યોજાશે. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૯:૦૦ કલાકે થશે અને સાંજના ૫:૦૦ કલાક સુધી રક્તદાનની પ્રવૃત્તિ સતત ચાલશે.

નોંધનીય છે કે, આણંદ જિલ્લા વહીવટી તંત્રની સાથે જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સંયુક્ત ઉપક્રમે આ માનવતાવાદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ‘રક્તદાન એ જ મહાદાન’ની ભાવનાને સાર્થક કરવા માટે જિલ્લાના નાગરિકો, યુવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને આ કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અને પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

---

**વિદેશમાં વર્ક પરમિટ અપાવવાના નામે લાખો પડાવવાનો એક ખેલ**

# નેધરલેન્ડ મોકલવાના બહાને ૬ યુવક સાથે ૧૦ લાખની ઠગાઈ

**મુંબઈમાં બાયોમેટ્રિક** કરાવ્યા છતાં વિઝા ન મળતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.૨

ખંભાતના ૭ મિત્રે વિદેશ જવાની ઘેલછામાં લાખો રૂપિયા ગુમાવી બેઠા હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નેધરલેન્ડમાં વેરહાઉસમાં નોકરી અને વર્ક પરમિટ અપાવવાનો ભરોસો આપી ત્રણ શખ્સોએ ભેગા મળી યુવકો પાસેથી કુલ ૧૦.૫૭ લાખ પડાવી લઈ વિશ્વાસઘાત કર્યો છે. આ મામલે ખંભાત સીટી પોલીસે ત્રણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ખંભાતના શક્કરપુર ખાતે રહેતા અને શાક માર્કેટ યાર્ડમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા ૨૪ વર્ષીય માલવકુમાર પટેલે વિદેશ જવા માટે ખંભાત મોચીવાડમાં એલઆઈસી ઓફિસ ચલાવતા હિરેનગીરી ગોસ્વામીનો સંપર્ક કર્યો હતો. હિરેનગીરીએ તેના સાથીદાર ચિરાગ ડોડિયા સાથે ઓળખાણ કરાવી નેધરલેન્ડમાં વેરહાઉસમાં નોકરી અને રહેવા-જમવા સાથે વ્યક્તિ દીઠ ૬ લાખનો ખર્ચ જણાવ્યો હતો.

ગઠિયાઓએ વિશ્વાસ જીતવા માટે માલવકુમાર અને તેના મિત્રો પાસેથી એડવાન્સ પેટે વ્યક્તિ દીઠ ૧.૫૦ લાખ લેખે કુલ ૪.૫૦ લાખ વડોદરાના દિવ્યેશ પટેલના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આરોપીઓએ કાયદેસરના કરાર કરી આપી સહી કરેલા ચેક પણ આપ્યા હતા. જુલાઈ ૨૦૨૫માં મુંબઈ વી.એફ. એસ. (VFS) ખાતે યુવકોના બાયોમેટ્રિક પણ કરાવવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે પાસપોર્ટ પરત આવ્યા ત્યારે તેના પર વિઝાના કોઈ સ્ટેમ્પ નહોતા. આ અંગે એજન્ટોએ વારંવાર વાયદા કર્યા બાદ અંતે જ્યારે યુવકોએ પોતાના નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ આપેલા ચેક બેંકમાં બાઉન્સ થયા હતા. આ છેતરપિંડીનો ભોગ માલવકુમાર ઉપરાંત તેના અન્ય પાંચ મિત્રો સૌરવ, વિવેક, રિતિક, કુણાલ અને હર્ષ પણ બન્યા હતા. ખંભાત સીટી પોલીસે આ મામલે હિરેનગીરી દિલીપગીરી ગોસ્વામી, ચિરાગ અરવિંદ ડોડિયા અને દિવ્યેશ દિલીપ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

---

# આણંદમાં બે પરપ્રાંતિય બાળમજૂરને મુક્ત કરાયાં

**જૂન માસમાં ૦૬** સ્થળોએ દરોડો પડાયો, સંચાલક સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ જિલ્લામાં બાળ મજૂરીના દૂષણને નાબૂદ કરવાના ઉમદા હેતુ સાથે જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા જૂન-૨૦૨૬ દરમિયાન ૦૬ જેટલી સંયુક્ત રેડ દરમિયાન ૦૨ બાળ શ્રમિકોને મુક્ત કરાવી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદ ટાસ્કફોર્સ સમિતિ તપાસ દરમિયાન ઈસ્માઈલનગર વિસ્તારના એક જરદોશી કામના એકમમાંથી અન્ય રાજ્યના બે બાળ શ્રમિકો મળી આવ્યા હતા, જેના પગલે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં બાળ અને તરુણ શ્રમયોગી અધિનિયમ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. મુક્ત કરાયેલા બંને બાળકોને સુરક્ષા અને પુનર્વસન માટે વિદ્યાનગર ચિલ્ડ્રન હોમમાં સોંપવામાં આવ્યા છે. આ ઉપરાંત, અન્ય ૦૪ સંસ્થાઓમાં તરુણ શ્રમયોગીઓ મળી આવતા તેમને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા નોટિસ આપવામાં આવી છે; જો નિયત સમયમાં પાલન નહીં થાય તો મજૂર અદાલતમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બાળ મજૂરી નાબૂદીના પ્રયાસોના ભાગરૂપે તારાપુર ખાતે હોટલ એસોસિએશનના સભ્યો માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં શ્રમ આયુક્તની કચેરી અને ચાઈલ્ડ લાઈન દ્વારા કાયદાકીય બાબતે વિસ્તૃત માહિતી આપી હતી.

---

**વિપક્ષી કોર્પોરેટર હાર્દિક ભટ્ટે 12 મુદ્દાઓ પર કમિશનર પાસે ખુલાસો માંગ્યો**

# નડિયાદ મનપાની પ્રથમ સામાન્ય સભા ઘેરા વિવાદમાં સપડાઈ

**કાયદાકીય** ઉલ્લંઘનના આક્ષેપ સાથે હાઈકોર્ટ જવાની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

નડિયાદ મનપાની પ્રથમ સામાન્ય સભા પૂર્ણ થયા બાદ હવે કાયદાકીય વિવાદોના વમળમાં ફસાઈ છે. વિપક્ષી કોર્પોરેટર હાર્દિક ભટ્ટે સભાની કામગીરી અને નિયમોના પાલન અંગે ગંભીર સવાલો ઉઠાવી મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો 7 દિવસમાં યોગ્ય ખુલાસો અને દસ્તાવેજો નહીં મળે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે.

નડિયાદ મનપાના વોર્ડ નંબર 12 ના કોર્પોરેટર હાર્દિક ભટ્ટે આક્ષેપ કર્યો છે કે, પ્રથમ સામાન્ય સભામાં જીપીએમસી એક્ટ 1949 ના નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. સભ્યોને માત્ર પાંચ મુદ્દાવાળો એક પાનાનો એજન્ડા આપવામાં આવ્યો હતો, જેની સાથે કોઈ પણ વહીવટી નોંધો, દરખાસ્તો કે નાણાકીય અસરના દસ્તાવેજો જોડવામાં આવ્યા ન હતા. આ કારણે સભ્યો કોઈ પણ જાણકારીપૂર્વકની ચર્ચા કરી શક્યા નહોતા અને સમગ્ર કાર્યવાહી અત્યંત ટૂંકા સમયમાં આટોપી લેવામાં આવી હતી.

આ રજૂઆતમાં જણાવ્યા અનુસાર, સભામાં મ્યુનિસિપલ કમિશનર ગેરહાજર રહ્યા હતા અને તેમની જગ્યાએ ડેપ્યુટી કમિશનર હાજર હતા, જેની કાયદેસરતા સામે પણ સવાલ ઉઠાવાયો છે.

### સાત દિવસમાં દસ્તાવેજો પૂરા પાડવા અલ્ટીમેટમ

આ ઉપરાંત કોર્પોરેટર દ્વારા કમિશનર પાસે કુલ 12 અલગ-અલગ મુદ્દાઓ પર 7 દિવસની મર્યાદામાં લેખિત જવાબ અને દસ્તાવેજોની પ્રમાણિત નકલો માંગવામાં આવી છે. જો નિયત સમયમાં સંતોષકારક માહિતી નહીં મળે, તો બંધારણના અનુચ્છેદ 226 હેઠળ હાઈકોર્ટમાં રજૂઆત કરવાની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

---

# ખંભાતની દીકરીએ રૂા. 26 લાખના રેકોર્ડબ્રેક પેકેજ સાથે ઇતિહાસ રચ્યો

**એમેઝોન-હેકર રેન્ક** બંને તરફથી જોબ ઓફર મળી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨

અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના 2025-26ના પ્લેસમેન્ટમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની વિદ્યાર્થિની ધ્રુવી શાહે નવો વિક્રમ સ્થાપ્યો છે. મૂળ ખંભાતની ધ્રુવીને અમેરિકાની જાણીતી કંપની ‘હેકર રેન્ક’ દ્વારા વાર્ષિક રૂ. 26 લાખનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે, જે કોલેજના ઈતિહાસનું અત્યાર સુધીનું સર્વોચ્ચ પ્લેસમેન્ટ છે.

ખંભાતની ધ્રુવી શાહની આ સફળતા પાછળ તેની અસાધારણ મહેનત અને વ્યૂહરચના રહેલી છે. તેણે અભ્યાસ દરમિયાન ગૂગલ અને એમેઝોન જેવી વૈશ્વિક કંપનીઓમાં ઈન્ટર્નશિપ કરી હતી. તેની કામગીરીથી પ્રભાવિત થઈને એમેઝોન અને હેકર રેન્ક એમ બંને દિગ્ગજ કંપનીઓએ તેને પ્રી-પ્લેસમેન્ટ ઓફર આપી હતી, જેમાંથી તેણે હેકર રેન્કમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ એન્જિનિયર તરીકે જોડાવાનું નક્કી કર્યું છે.

આ સિવાય, ધ્રુવી માત્ર પોતાની સફળતા સુધી સીમિત નથી. લિન્કડઈન (LinkedIn) જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના 50,000 થી વધુ ફોલોઅર્સ છે, જ્યાં તે અન્ય વિદ્યાર્થીઓને કોડિંગ, ઈન્ટર્નશિપ અને જોબ ઈન્ટરવ્યૂ માટે નિ:શુલ્ક માર્ગદર્શન પૂરું પાડે છે.

બેંગલુરુમાં ઈન્ટર્નશિપ દરમિયાન કોલેજની પરીક્ષાઓ આપવા માટે તેણે અનેક વખત અમદાવાદ-બેંગલુરુ વચ્ચે મુસાફરી કરી હતી. પોતાની સફળતાનો મંત્ર આપતા ધ્રુવીએ જણાવ્યું કે, સફળતા કોલેજના નામથી નહીં, પરંતુ તમારી કુશળતા અને મહેનતથી મળે છે. આજે શીખેલી એક નવી સ્કિલ આવતીકાલે કરોડોની તક બની શકે છે. ધ્રુવીની આ સિદ્ધિ બદલ કોલેજના પ્રિન્સિપાલ અને ખંભાતની એજ્યુકેશન સોસાયટીએ તેને અભિનંદન પાઠવ્યા છે.

આણંદ જિલ્લાના છેડે આવેલા ખંભાતની દીકરીની આ સિદ્ધિ અન્ય યુવાનો માટે પ્રેરણાદાયી બની છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા, આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**